## (1) તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ઈ-વાહનોના સંદર્ભે લોન્ચ કરવામાં આવેલ યોજના બાબતે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) સરકાર દ્વારા ધોરણ 9થી કોલેજ સુધીનો અભ્યાસ કરતા છાત્રોને રૂ. 12,000ની સબસિડી આપવામાં આવશે જેઓ બે પૈડાના વાહનોનો ઉપયોગ કરતા હોય.

(2) સરકાર દ્વારા વ્યકિતગત અને સંસ્થાને ઈ–રિક્ષા માટે રૂ. 1 લાખની સબસિડી આપવામાં આવશે.

(3) સબસિડી અંતર્ગત લગભગ 5000 ઈ–રિક્ષા પ્રદાન કરવામાં આવશે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ઈ–વાહનો માટે એક યોજનાની ઘોષણા કરવામાં આવેલી છે.

⇛ આ યોજના રાજ્યમાં બેટરીથી ચાલતા બે પૈડા અને ત્રણ પૈડા ધરાવતા વાહનોના ઉપયોગને પ્રોત્સાહન કરશે.

⇛ સરકાર એવા વિદ્યાર્થીઓને રૂ. 12,000ની સબસિડી આપશે જેઓ ધોરણ 9થી કોલેજનો અભ્યાસ કરતા હોય અને જેઓ બેટીરીથી ચાલતા બે પૈડા ધરાવતા વાહનોનો ઉપયોગ કરતા હોય.

⇛ યોજના અંતર્ગત વ્યકિગત અને સંસ્થાગત લાભાર્થીઓને ત્રણ પૈડા ધરાવતી ઈ–રિક્ષા માટે રૂ. 48000ની સબસિડી આપવામાં આવશે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ સબસિડીના માધ્યમથી સરકાર દ્વારા 5000 ઈ–રિક્ષા પ્રદાન કરવામાં આવશે.

⇛ ઈ–વાહનોને ચાર્જ કરવા માટે આવશ્યક માળખાકીય સેવાઓ તૈયાર કરવાની યોજના માટે રૂ. 50 લાખની ફાળવણી કરવામાં આવી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ગ્લોબલ સ્માર્ટ સિટી ઈન્ડેક્સ, 2020ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) વર્ષ 2020ના ઈન્ડેક્સ અંતર્ગત 109 શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
(2) રેન્કિંગ અંતર્ગત ભારતમાં નવી દિલ્હી પ્રથમ સ્થાન પર રહયું હતું.
(3) વૈશ્વિક સ્તરે ઈન્ડેક્સ અંતર્ગત સિંગાપુર પ્રથમ ક્રમે રહયું હતું.
(4) આ ઈન્ડેક્સ સિંગાપુર યુનિવર્સિટી સાથે ઈન્સ્ટિટયૂટ ફોર મેનેજમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ (IMD) દ્વારા તૈયાર કરવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ સિંગાપુર યુનિવર્સિટી સાથે ઈન્સ્ટિટયૂટ ફોર મેનેજમેન્ટ ડેવલપમેન્ટ (IMD) દ્વારા વર્ષ 2020 માટે સ્માર્ટ સિટી ઈન્ડેક્સ જાહેર કરવામાં આવ્યો હતો.

⇛ વર્ષ 2020 માટે ઈન્ડેક્સ અંતર્ગત 109 શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

⇛ ઈન્ડેક્સ અંતર્ગત શહેરોના નિવાસીઓને શહેરોની પરિવહન, સ્વાસ્થ્ય અને સુરક્ષા, પ્રવૃત્તિઓ શાસન અને અવસર સહિત 5 ક્ષેત્રોમાં ટેક્નોલોજીની જોગવાઈ પર પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

⇛ સિંગાપુર એ ઈન્ડેક્સ અંતર્ગત પ્રથમ રહયું હતું.

⇛ ભારતના શહેરોમાં હૈદરાબાદનું સ્થાન 85મું રહયું હતું. અર્થાત્ ભારતમાં આ શહેર પ્રથમ સ્થાને રહયું હતું. ત્યારબાદ 86માં સ્થાન પર નવી દિલ્હી રહયું હતું. મુંબઈનું સ્થાન 93મું રહયું હતું. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ સૂચકાંક સ્માર્ટ શહેરોના આર્થિક અને ટેક્નોલોજી પાસાંઓ પર સંતુલિત ધ્યાન કેન્દ્રિત કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) બેન્કિંગ નિયમન (સુધારણા) બિલ, 2020ના સંદર્ભે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ બિલ દ્વારા બેન્કિંગ નિયમન અધિનિયમ, 1949માં સુધારો કરવામાં આવશે.

(2) આ બિલના માધ્યમથી સમગ્ર દેશની બધી જ સહકારી બેંકોનું નિયમન રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અંતર્ગત લાવવામાં આવશે.

(3) પ્રાથમિક કૃષિ શાખ સમિતિ જેવી સમિતિઓ ઉપર પણ આ બિલની જોગવાઈ લાગુ કરવામાં આવશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇒ તાજેતરમાં સહકારી બેંકોની બગડતી સ્થિતિને ધ્યાનમાં રાખતા લોકસભા દ્વારા બેન્કિંગ નિયમન (સુધારણા) બિલ, 2020 પસાર કર્યું છે.

⇒ આ બિલ દ્વારા બેન્કિંગ નિયમન અધિનિયમ, 1949 અંતર્ગત સુધારો કરવામાં આવશે.

⇒ નવા બિલના માધ્યમથી સમગ્ર દેશની સહકારી બેંકોનું નિયમન રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અંતર્ગત આવશે.

⇒ જો કે આ બિલની જોગવાઈઓ પ્રાથમિક કૃષિ શાખ સમિતિઓ (PACS) ઉપર લાગુ થતી નથી. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ મહામારીને કારણે સહકારી બેંકોમાં સતત આર્થિક તણાવ વધી રહયો છે. માર્ચ 2020માં દેશમાં સહકારી બેંકોનું કુલ NPA 10%થી વધી ગયું હતું. આથી તેમની પરિસ્થિતિને સંતુલિત કરવા તેમને RBI અંતર્ગત લાવવી જરૂરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

## (4) “વિશ્વ વાંસ દિવસ”ના સંદર્ભે નીચેનામાંથી સાચાં વિધાનો સાચા છે ?

(1) આ દિવસનું આયોજન સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણીય કાર્યક્રમ દ્વારા કરવામાં આવે છે.

(2) વર્ષ 2020ના આ દિવસની થીમ "BAMBOO Now" રાખવામાં આવી હતી.

(3) ભારતમાં વાંસની ગણતરી એ ભારતીય વન અધિનિયમ, 1927 અનુસાર એક વૃક્ષ તરીકે કરવામાં આવતી નથી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ વૈશ્વિક સ્તર પર પ્રત્યેક વર્ષે 18 સપ્ટેમ્બરને “વિશ્વ વાંસ દિવસ” તરીકે મનાવવામાં આવે છે.

⇛ આ દિવસનું આયોજન એ વિશ્વ વાંસ સંગઠન દ્વારા કરવામાં આવે છે. વર્ષ 2009માં બેંકોકમાં આયોજિત 8મી વિશ્વ વાંસ કોંગ્રેસ દ્વારા આ દિવસ મનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ વર્ષ 2020ના આ દિવસની થીમ એ "BAMBOO Now" રાખવામાં આવી હતી.

⇛ આ દિવસનું આયોજન એ વાંસના લાભો વિશે જાગૃકતા ફેલાવવા અને રોજબરોજના ઉત્પાદનોમાં તેના ઉપયોગને પ્રોત્સાહન આપવા મનાવવામાં આવે છે.

⇛ ભારત દ્વારા વાંસને વૃક્ષ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવતુ હતું. પરંતુ ત્યારબાદ ભારતીય વન અધિનિયમ, 1927માં સુધારો કરી તેને વૃક્ષની વ્યાખ્યામાંથી બાકાત રાખવામાં આવેલ છે જેથી તેનું ઉત્પાદન અને વેચાણ વધારી શકાય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(5) વિશ્વ રોગી સુરક્ષા દિવસના સંદર્ભે નીચેનામાંથી કયું(યા) વિધાન(નો) સાચા છે ?

(1) આ દિવસનું આયોજન એ લેસેન્ટ જર્નલ દ્વારા કરવામાં આવે છે.

(2) વર્ષ 2020માં આ દિવસ પ્રથમ વખત મનાવવામાં આવ્યો હતો.

(3) વર્ષ 2020ના આ દિવસની થીમ "સ્વાસ્થ્ય કર્મી સુરક્ષા : રોગી સુરક્ષા માટે પ્રાથમિકતા" રાખવામાં આવી હતી.

(A) માત્ર (1) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (3) (D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ વિશ્વ રોગી સુરક્ષા દિવસનું આયોજન એ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ વર્ષ 2019માં આ દિવસનું આયોજન પ્રથમ વખત કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ દિવસ બધા દેશો અને આંતરરાષ્ટ્રીય ભાગીદારો દ્વારા રોગી સુરક્ષામાં સુધાર હેતુ વૈશ્વિક એકજુટતા અને યોગ્ય કાર્યવાહી કરવા આહવાન કરે છે.

⇛ વર્ષ 2020ના આ દિવસની થીમ "સ્વાસ્થ્ય કર્મી સુરક્ષા : રોગી સુરક્ષા માટે પ્રાથમિકતા" રાખવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT